# આજે હાર્દિક પટેલનો ગુજરાતમાં પ્રવેશ

## રતનપુર ખાતે ૫૦ હજારથી વધુ મેદની દ્વારા ભવ્ય સ્વાગતની તડામાર તૈયારીઓ : બપોરે હિંમતનગરમાં પાટીદાર હુંકાર સભા પણ યોજાશે : રતનપુર સરહદે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો



મોડાસા, તા. ૧૬
પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલને આજે ૧૭મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ થનાર હોઈ શામળાજી પાસે રતનપુર સરહદે અગાઉ દિવસથી જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અહીં ૫૦ હજારથી વધુ જનમેદની દ્વારા ભવ્ય સ્વાગતની તડામાર તૈયારીઓ છેલ્લા કેટલાય દિવસથી ચાલી રહી હતી. જેને જોતા મોટો સમુદાય અહીં હાર્દિક પટેલના સ્વાગત અર્થે એકત્ર થનાર હોઈ સુરક્ષા વ્યવસ્થામાં કોઈ જ કસર ન રહે તેની જિલ્લા વહીવટીતંત્રે પૂરી તકેદારી રાખી છે.

ગત ઓગષ્ટ માસમાં ગુજરાત છોડી રાજસ્થાનમાં ઉદેપુર ખાતે નિવાસ કરી રહેલા હાર્દિક પટેલને છ માસનો રાજ્ય બહાર રહેવાનો ગાળો આજે પુરો થયો હોઈ આજે ૧૭મીએ રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશી રહેલ છે ત્યારે રતનપુર સરહદે હાર્દિક પટેલનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા માટે પાટીદાર સમાજમાં ભારે ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. સ્વાગતના કાર્યક્રમના આયોજન માટે છેલ્લા કેટલાક દિવસોથી જુદા જુદા જિલ્લા તાલુકાઓમાં પાટીદારોની બેઠકો યોજીને તેને આખરી સ્વરૂપ અપાયુ હતુ. હવે આજરોજ તા. ૧૭મીએ હાર્દિકના ગુજરાતમાં આગમન અને સ્વાગત માટે પાટીદારોની હાજરીથી જ અનામત આંદોલનની દિશા નક્કી થશે.

એટલું જ નહિ પણ રાજસ્થાન સરહદે રતનપુર પાસે ગુજરાત પ્રવેશ ટાણે હાર્દિક પટેલના ભવ્ય સ્વાગત પછી એ જ દિવસે હિંમતનગરમાં બપોરે ૨.૩૦ કલાકે પાટીદાર હુંકાર સભા યોજાશે. જેમાં દોઢ લાખથી વધુ પાટીદારો ઉમટી પડવાની સંભાવના રખાય છે. અત્યાર સુધીમાં ૭ હજાર જેટલા વાહનોની નોંધણી પણ થઈ ચૂકી હોવાનું જાણવા મળે છે.

દરમિયાન આજે ૧૭મીએ હાર્દિકના સ્વાગત ઉપરાંત ૧૭ થી ૨૧ જાન્યુઆરી-૧૭ દરમિયાન કાગવડ ખાતે ખોડલધામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પણ પાટીદારોને ઉમટી પડવા હાંકલ કરાઈ હતી.

## આજે વિસનગર કડા ખાતે રાજ્યપાલ ઉપસ્થિત રહેશે

કડા ખાતે રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી આજે સવારે ૧૦-૩૦ કલાકે સાર્વજનિક પુસ્તકાલય ખાતે ઉપસ્થિત રહેનાર છે. કડા ખાતે સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ પ્રસંગે નવીન મકાનનો લોકાર્પણ સમારોહ યોજાનાર છે. આ સમારોહમાં રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી નવું વિશાળ ગ્રંથાલયનું લોકોર્પણ કરનાર છે. કાર્યક્રમમાં રાજ્યના પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, ગ્રંથાલય નિયામક ડો. કૌશિકભાઈ શાહ, જયેશભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે.

# અરવલ્લીમાં કિસાન સંમેલન યોજાશે

## મોડાસાના ટીંટીસર ગામે દિવેલા પાક નિદર્શનની સાથે કૃષિજગતને ઉપયોગી પ્રેરણાદાયી શિબિરમાં કૃષિતજજ્ઞો ઉપસ્થિત રહેશે

મોડાસા, તા. ૧૬
અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાં હવે ખેડૂતો રોકડીયા પાકો તરફ વળ્યા છે ત્યારે આ ખેતીમાં નફાકારકતા વધે અને ઓછા ઉત્પાદન ખર્ચમાં ઉત્પાદકતામાં ખુબ મોટી વૃદ્ધિ થાય તેવા ઉદ્દેશ સાથે ઉત્તર ગુજરાતમાં અરવલ્લી ઉપરાંત બનાસકાંઠા જિલ્લામાં પણ કિસાન સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતના ખેતરે જ જિલ્લા-તાલુકાના ખેડૂતોને આમંત્રીને ખેડૂત સંમેલન દ્વારા વધુ ખેડૂતો ખેત ઉત્પાદન ખર્ચ ઘટાડી વધુ ઉત્પાદન મેળવી શકે તે અંગેના ખુબ જ ઉપયોગી અસરકારક ઉપાયોનું માર્ગદર્શન અપાશે. ધ સોલવન્ટ એકસટ્રેકટર્સ એસો. ઓફ. ઈન્ડીયાના કન્વીનર અને પ્રોજેકટ ઈન્ચાર્જ હરેશભાઈ સોમાલાલ વ્યાસે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે બન્ને જિલ્લાઓમાં થઈને પ્રયોગિક ધોરણે ૩૦૦ વીઘામાં દિવેલાનું વાવેતર ખેડૂતોની પાસે કોઈપણ બિયારણ ખાતરના મૂલ્ય લીધા વિના કરવામાં આવ્યુ છે. જેમાં ઉત્પાદન ખર્ચ કઈ રીતે ઘટે અને વધુ ઉત્પાદન મેળવી શકાય અને આ ખેતી નફાકારક બને તે દિશામાં જુદા જુદા શિબિર સંમેલનોનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

જેમાં પ્રથમ સેમિનાર-સંમેલન અરવલ્લી જિલ્લામાં મોડાસાના ટીંટીસર-સજાપુર ગામે જયંતિભાઈ પટેલના ફાર્મ ઉપર તા. ૨૭મી જાન્યુઆરીને શુક્રવારે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમાર, ડીડીઓ વિશાલ ગુપ્તા, જિ.સ. સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સવારે ૯.૩૦ કલાકે પાક નિદર્શન પછી તજજ્ઞોના માર્ગદર્શનનો કાર્યક્રમ શરૂ થશે. જ્યારે બીજુ સંમેલન તા. ૫-૧-૨૦૧૭ના રોજ બનાસકાંઠા જિલ્લામાં ઈકબાલગઢ ખાતે કેન્દ્રિયમંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, દાંતીવાડા યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. અશોક એ. પટેલ, બનાસકાંઠા જિલ્લા કલેક્ટર જેનુ દવે, મોડાસા પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહની ઉપસ્થિતિમાં યોજાશે.

દિવેલા પાકમાં ખેડૂતોને નફાકારકતા કઈ રીતે વધે તે અંગે વિગતો આપતા હરેશભાઈ વ્યાસે જણાવ્યું કે રાજ્યનું હાલ દિવેલાનું સરેરાશ ઉત્પાદન હેક્ટર દીઠ ૧૬૦૦ કિલો છે જે વધારીને હેક્ટર દીઠ ૪૫૦૦ કિલો લઈ શકાય છે. જેની સ્થળ ઉપર જ ખેડૂતોને પાક નિદર્શન સાથે નિષ્ણાત કૃષિ તજજ્ઞો દ્વારા માહિતી અને માર્ગદર્શન અપાશે અને ઓછા ઉત્પાદન ખર્ચ થકી ઉત્પાદન વધારવા અને તે દ્વારા નફાકારકતામાં વૃદ્ધિ કરવા વિશેષ માર્ગદર્શન આપતા આ દિવેલાનું આંતરપાક તરીકે પણ વાવેતર કરી શકાય છે તે વિશે પણ ઉંડાણપૂર્વક સમજ આપી હતી.



પાલનપુરમાં ખેડૂતોના પડતર પ્રશ્નોનો લઈને ભારતીય કિશાન સંઘે પાલનપુરમાં રેલી નીકાળી રાજય સરકાર પાસે માંગણી રજુ કરતો આવેદનપત્ર કલેકટરને આપ્યું હતું. આજે જિલ્લા પંચાયત કચેરીના બગીચાથી પ્રસ્થાન થયેલી ખેડૂતોની પડતર માંગણીની રેલી કલેકટર કચેરી ખાતે આવી પોહચી હતી. જ્યાં જિલ્લા સેવા સદનના અધિક કલેકટર સંકુલમાં આવીને ભારતીય કિશાન સંઘના આગેવાનોનું આવેદનપત્ર સ્વીકાર્યું હતું. ભારતીય કિશાન સંઘના આગેવાનોએ જિલ્લાના ખેડૂતો માટે જુદા જુદા ૨૧ જેટલા પડતર માંગણીઓનું આવેદનપત્રમાં રાજય સરકારના મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરી હતી.

# ભિલોડા ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકે ભીખાભાઈ કાંહ્યાભાઈની સર્વાનુમતે બિનહરીફ

ભિલોડા,તા.૧૬
ભિલોડા ગ્રામ પંચાયત ડે.સરપંચ ડેપ્યુટી સરપંચ પદે ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલ, પી.બી.ભોઈ તલાટી ક્રમ મંત્રી, ભિલોડા ગ્રામ પંચાયત, આરતીબેન સોની રેવન્યુ તલાટી ક્રમ મંત્રી, ભિલોડા વહીવટી તંત્રના સંકલન સમિતી, ગુણવંતભાઈ ત્રિવેદી, પ્રભુદાસભાઈ પટેલ, અરવિંદભાઈ બારોટ, રતનલાલ શાહ, મુકેશભાઈ પટેલ, કાંતીલાલ



મોહનપુરવાકાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા ગ્રામ પંચાયતના હોલમાં તા.૧૬/૧/૨૦૧૭ ને સોમવારના રોજ ડેપ્યુટી સરપંચની નિમણુંક સંદર્ભે સુરેશભાઈ ટી. સુથાર, વિસ્તરણ અધિકારી તાલુકા પંચાયત કચેરી, ભિલોડા, એસ. કે. શાહ, સીની. કલાર્ક તાલુકા પંચાયત કચેરી, કચેરી, ભિલોડા, અધિકારીઓની ઉપસ્થિતીમાં ભિલોડા ગ્રામ પંચાયત ડે.સરપંચ પદે ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલ, મોહનપુરવાકાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.

ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ગ્રામ પંચાયત સભ્યોએ શુભકામનાઓ પાઠવી હતી. ભિલોડા પટેલ, મનોજભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ, રોહિતભાઈ ત્રિવેદી, જીગરભાઈ ત્રિવેદી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહી ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ડેપ્યુટી સરપંચ ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલને શુભકામનાઓ પાઠવી હતી.

# આવતીકાલથી ''આપ'' પાર્ટી ગુજરાતના તમામ બુથ પર બુથયાત્રા

ગાંધીનગર, તા. ૧૬
છેલ્લા એક વર્ષથી આમ આદમી પાર્ટીનું સંગઠન ગુજરાતભરમાં વિસ્તરીત થઈ રહ્યું છે ત્યારે ગુજરાતભરના અંદાજીત ૪૩૦૦૦ બુથ ઉપર નિમાયેલા ૨૦ બુથ પર નિમાયેલા ઈન્ચાર્જ (ખંડ પ્રભારી) તથા ૫ બુથ પર નિમાયેલા ઈન્ચાર્જ (સમિતિ પ્રભારી)નું સંમેલન ગત તારીખ ૮ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ હતુ. જેમાં ૮૦૦૦થી વધુ પદાધિકારીઓએ હાજરી આપી હતી.

પાર્ટીના સંગઠનને આગળના તબક્કે લઈ જતાં તારીખ ૩૦ જાન્યુઆરી સુધીમાં ગુજરાતના તમામ ૪૩૦૦૦ બુથ ઉપર બુથ પ્રભારી તથા સહપ્રભારીની નિયુક્તિ કરવામાં આવશે. જે બુથ ઉપર પ્રભારીની નિમણુંક થઈ ચુકી છે ત્યાં ખરાઈ કરવામાં આવશે. જે બુથ ઉપર બુથ પ્રભારી નિયુક્ત કરવાના બાકી છે ત્યાં વિધાનસભાના અધ્યક્ષ, ખંડ તથા સમિતિ પ્રભારી અને કાર્યકર્તાઓ બુથયાત્રા કરશે. જેમાં કાર્યકર્તાઓની નોંધણી તથા બુથ પ્રભારીઓની નિમણુંકો થશે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં નોટબંધીના ૬૯ દિવસ બાદ પણ કેશ માટે કકળાટ યથાવત

## બન્ને જિલ્લામાં એટીએમ મહત્તમ બંધ : ગ્રામ્ય જનજીવન ગંભીર રીતે અસરગ્રસ્ત : એટીએમમાં લોકોની લાઈનો યથાવત

નોટબંધીના ૬૯ દિવસ પુરા થઈ ગયા હોવા છતા રોકડની તંગીમાં ખાસ કોઈ ફેર પડ્યો નથી. ધંધા રોજગાર ઉપર પણ વ્યાપક અસર વર્તાઈ રહી છે. બજારોમાં નાણાનુ ટર્નઓવર ઠપ્પ થઈ ગયું છે. વેપારીઓના ધંધા ઉપર અસર થઈ છે. બીજી તરફ એટીએમમાં બેન્કર્સ દ્વારા નાણા ભરતાની સાથે તરત જ લોકો ઉપાડી લેતા અડધા દિવસમાં એટીએમ ખાલી થઈ જાય છે. બાદમાં એટીએમ બે થી ત્રણ દિવસ સુધી નાણા ભરવામાં આવતા નથી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મોટાભાગના એટીએમ બંધ હાલતમાં છે. જ્યારે જે એટીએમ ચાલુ હોય ત્યાં નાણા ઉપાડનાર ગ્રાહકોની લાંબી લાઈનો યથાવત જોવા મળી રહી છે. છતાંયે રૂપિયે રૂપિયા ઉપાડવામાં બન્ને જિલ્લાના પ્રજાજનો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. બન્ને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તો નોટબંધીના પગલે જનજીવનને ગંભીર રીતે અસરગ્રસ્ત હોય તેમ સંપૂર્ણ રોકડ વ્યવહારો ઠપ્પ થઈ ગયા છે.




અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં નોટબંધીના ૬૯મા દિવસે પણ કેટલીક બેંકોમાં આરબીઆઈ અને સરકારે સપ્તાહમાં ૨૪ હજાર રૂપિયાની રકમ આપવાની જાહેરાત કરી હોવા છતા હાલ માત્ર ગ્રામ્ય વિસ્તારોની બેંકોમાં માત્ર બે-પાંચ હજાર રૂપિયા જ મળી રહ્યા છે. નોટબંધીને ૬૯ દિવસ જેટલો સમય વિતવા છતા લોકો હક્કના પૈસા મેળવવા રઝળપાટ કરી રહ્યા છે. બન્ને જિલ્લાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો વહેલી સવારથી જ બેંકોના ચક્કર કાપવા મજબૂર બની ગયા છે. બન્ને જિલ્લામાં મોટા ભાગની ખાનગી બેંકો તરફથી ગ્રાહકોને રૂ. ૨૪ હજાર મળતા ન હોવાની ફરિયાદ ઉઠવાની સાથે ગ્રાહકો દ્વારા બેંકો પર સીધા આક્ષેપ લગાવી જણાવ્યુ હતુ કે આરબીઆઈ નાણા મોકલતી હોવા છતાં નાના ગ્રાહકોને નાણા આપવામાં દાંડાઈ કરી રહી છે. નવાઈ એ છે કે મોટી અને વગદાર વેપારીઓને સાંજે ચાર વાગ્યા બાદ ૨૪ હજાર પુરા આપી દે છે. એક કરતા વધુ એકાઉન્ટ ધરાવતા વેપારીઓને સાંજે ચાર વાગ્યા બાદ ૨૪ હજાર પુરા આપી દેતા સામાન્ય ગ્રાહકોને રૂપિયા આપવા રંઝાડવાની સાથે આડોડાઈ કરી રહ્યાનુ ગ્રાહકો સીધો આક્ષેપ કરી રહ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મહત્તમ એટીએમ મશીનોના શટર તો ખુલ્લા અને અર્ધખુલ્લા જોવાઈ રહ્યા છે. પરંતુ એટીએમ મશીનોમાં રોકડ ન હોવાથી પ્રજાજનો ધરમ ધક્કા ખાઈ રહ્યા છે. લોકો રૂપિયા મેળવવાની લ્હાયમાં કામ-ધંધો છોડી એક એટીએમથી બીજા એટીએમ દોડાદોડી કરી મુકી છે અને જે એટીએમમાં રૂપિયા




મળતા હોય ત્યાં રૂપિયા નીકાળવાની આશાએ લાઈનમાં ઉભા રહી જતા ચાલુ એટીએમ મશીનોમાં નોટબંધીના ૬૦મા દિવસ બાદ પણ લાઈનો યથાવત જોવા મળી રહી છે.

# બી.જે.વી.એમ.ના વિદ્યાર્થીઓએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ-૨૦૧૭ની મુલાકાત લીધી

વલ્લભવિદ્યાનગર, તા. ૧૬
વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ) દ્વારા આચાર્ય આર.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મુકામે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ૨૦૧૭માં કોલેજમાં અભ્યાસ કરતા બી.કોમ. અને બી.બી.એ.ના ૫૪ વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ ૮ અધ્યાપકો સાથે તા. ૧૩-૧-૨૦૧૭ના રોજ એક દિવસ માટે મુલાકાત લીધી હતી. તેમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વિભાગોની મુલાકાત લઈ વિવિધ વિષયો અંતર્ગત આધુનિક જાણકારી મેળવી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી હતી. તેમજ ટ્રેડ શૉ ની વ્યવસ્થા અને સંચાલનથી વિદ્યાર્થીઓ ખુબજ પ્રભાવિત થઈ આનંદિત થયા હતા. આ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ની મુલાકાત દરમ્યાન સર્વ પ્રાધ્યાપક એ.પી. પટેલ, મેજર આઈ.એન. ટંડેલ, ડૉ. એસ.આર. અજમેરી, ડૉ. પી.યુ. મોરધરા, ડૉ. જે.પી. પ્રજાપતી, ડૉ. એસ.કે. રાદડીયા, જે.ડી. પરમાર, શ્રીમતિ ટીના સંઘવી દ્વારા વિદ્યાર્થીઓના વિવિધ જુથ સાથે રહી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું અને આ મુલાકાત વિદ્યાર્થીઓને ખુબજ ઉપયોગી સાબીત થઈ હતી.




### બનાસ ડેરીનો ઐતિહાસિક નિર્ણય

# શિયાળામાં પણ દૂધ ઉત્પાદકોને ચૂકવાતા દૂધના ભાવમાં વધારો

શિયાળાની ઋતુ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં દૂધ સંપાદન થતું હોય છે, આવા સમયમાં મોટા ભાગે દેશ અને દુનિયામાં દૂધ અને દૂધની બનાવટોના ભાવમાં ઘટાડો થતો હોય છે પરંતુ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તથા નિયામક મંડળે પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને દૂધના પોષણક્ષમ ભાવ મળે તે માટે દૂધ ઉત્પાદકોને ચૂકવાતા દૂધના ભાવમાં વધારો કરી ગાયના દૂધના પ્રતિ કિલો ફેટે રૂ. ૫૯૦/- ચૂકવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલના સમયથી ઉત્તમ ભેંસો માટે જાણીતા બનાસકાંઠામાં ભેંસોના પાલનને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. પશુપાલકોને ભેંસોનું પાલન કરવું પરવડે અને ભેંસોની સંખ્યામાં થતો સતત ઘટાડો અટકે તે હેતુને ધ્યાનમાં રાખી મેનેજમેન્ટે ભેંસના દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે રૂ. ૬૧૦/-ચૂકવવાનો નિર્ણય કર્યો છે. બનાસ ડેરી દ્વારા સદર ભાવ તા.૧૬-૦૧-૨૦૧૭ થી દૂધ ઉત્પાદકોને ચૂકવવામાં આવશે. દૂધના ચૂકવાતા ભાવમાં વધારો થતા બૃહદ બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોમાં આનંદનો માહોલ સર્જાયો છે અને પશુપાલનના વ્યવસાય પ્રત્યે યુવાપેઢીમાં પણ આકર્ષણ વધ્યુ છે.

બનાસ ડેરીના ઈતિહાસમાં પહેલી વખત શિયાળાની ઋતુમાં પણ પશુપાલકોને દૂધના ચૂકવાતા ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. બનાસ ડેરીના ચેરમેન અને નિયામક મંડળ કોઈ પણ પ્રકારની કપરી પરિસ્થિતિમાં પશુપાલકોની પડખે ઉભા રહેતા હોય છે અને સતત તેઓની ચિંતા કરતા હોય છે. દૂધનો એક માત્ર ધંધો એવો છે કે વિકટ સમયમાં પણ પોષણક્ષમ ભાવ આપીને આજીવિકા પૂરી પાડે છે. બનાસ ડેરી દ્વારા ચૂકવતા દૂધના ભાવમાં સદર વધારો કરવાથી માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજે રૂ. ૩૦ કરોડ પશુપાલકોને વધુ મળશે. શિયાળાની સીઝનમાં પણ દૂધના ભાવમાં વધારો કરવાના મેનેજમેન્ટના હિતકારી અને અભૂતપૂર્વ નિર્ણયને દૂધ ઉત્પાદકોએ ખુશીથી વધાવ્યો છે.




## ધાનેરામાં સુન્ની મુસ્લિમ સમાજ સેવા ટ્રસ્ટ ધ્વરા જલસાનો કાર્યક્રમ યોજાયો

ધાનેરા ખાતે મુસ્લિમ સમાજ સેવા ટ્રસ્ટ અને સુન્ની મુસ્લિમ જમાત ધ્વરા પીરને પીર દસ્તગીર ગોસપાક ની અગિયારમી નિમિતે ભવ્ય જલસા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ધાનેરા માં આવેલા બગીચા લાઈન ખાતેના બાગ માં મુસ્લા સમાજ સેવા ટ્રસ્ટ અને સુન્ની મુસ્લિમ જમાત ધ્વારા ભવ્ય જલસા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાતખાન ધ્વરા નાત પઢવામાં આવી હતી અને બહાર થી પધારેલા પીરસાબ ધ્વરા તકરીર કરવામાં આવી હતી અને હજરત સૈયદ કાદરબાપુ ધ્વરા દુઆ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં મુસ્લિમ સમાજ સહીત તમામ સુન્ની મુસ્લિમ જમાત સહીત હજારોની સંખ્યામાં લોકોએ કાર્યક્રમમાં જોડાઈ કાર્યક્રમને મોડી રાત સુધી નિહાળ્યો હતો અને આ કાર્યક્રમમાં આજુ બાજુના તમામ મદ્રેસા ના નાના નાના બાળકોએ પણ ભાગ લીધો હતો અને બાળકો ને લોકો તરફ ઈનામ આપવામાં આવ્યા હતા.